# દુઆએ મકારેમુલ અખ્લાક

## - : પ્રકાશક : -

હાજી નાજી મેમોરીયલ ટ્રસ્ટ
માળી ટેકરા, આંબાચોક, ભાવનગર
ફોનનંબર : (૦૨૭૮) ૨૫૧૦૦૫૬ / ૨૪૨૩૭૪૬

... Kitab Downloaded from ...

www.hajinaji.com

• LIKE US ON FACEBOOK •

www.facebook.com/HajiNajiTrust

# નોંધ.....

➔ વધુ કિતાબો ડાઉનલોડ કરવા માટે [www.hajinaji.com](http://www.hajinaji.com) પર લોગ ઓન કરો.

➔ કિતાબમાં કોઈ ભૂલચૂક જણાય તો પેજની વિગત અને કિતાબનું નામ જાણ કરવા વિનંતી.

[hajinajitrust@gmail.com](mailto:hajinajitrust@gmail.com)

# દુઆએ મકારેમુલ અખ્લાક

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

શરૂ કરૂ છું અલ્લાહના નામથી જે રહમાન અને રહીમ છે.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِهِ

અય અલ્લાહ ! સલવાત મોકલ હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર

وَبَلِّغْ بِإِيْمَانِي اَكْمَلَ الإِيْمَانِ،

અને મારા ઇમાનને સૌથી કામિલ ઇમાનના
દરજ્જા સુધી પહોંચાડી દે

وَاجْعَلْ يَقِيْنِي اَفْضَلَ الْيَقِيْنِ،

અને મારા યકીનને શ્રેષ્ઠ યકીનની મંઝીલ
ઉપર મુકર્રર કરી દે

وَانْتَهِ بِنِيَّتِي اِلٰى اَحْسَنِ النِّيَّاتِ،

અને મારી નિય્યતને સૌથી શ્રેષ્ઠ નિય્યત સુધી
બુલંદ કરી દે

وَبِعَمَلِي إِلَى أَحْسَنِ الْأَعْمَالِ.

અને મારા અમલને શ્રેષ્ઠ આ'માલની પરાકાષ્ટા સુધી બુલંદ કરી દે

اَللّٰهُمَّ وَفِّرْ بِلُطْفِكَ نِيَّتِي،

અય અલ્લાહ ! તારા લુત્ફ વડે મારી નિય્યતને મહેફૂઝ કરી આપ

وَصَحِّحْ بِمَا عِنْدَكَ يَقِيْنِي،

અને જે કાંઇ તારી પાસે છે એ અંગેના મારા યકીનને સહી (દુરૂસ્ત) કરી દે

وَاسْتَصْلِحْ بِقُدْرَتِكَ مَا فَسَدَ مِنِّيْ.

અને મારાથી જે કાંઇ બગડી ગયું છે તેની તારી કુદરત વડે ઇસ્લાહ (સુધારણા) કરી દે

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِهٖ

અય અલ્લાહ ! સલવાત મોકલ હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર

وَاكْفِنِيْ مَا يَشْغَلُنِي الْاِهْتِمَامُ بِهِ،

અને એ કામોથી તું મને મુકત કરી દે જેની સાર-સંભાળ અને વ્યવસ્થાને કારણે હું મશગૂલ થઇ ગયો છું

وَاسْتَعْمِلْنِيْ بِمَا تَسْئَلُنِيْ غَداً عَنْهُ

અને તું મને એ કામમાં લગાડી દે જેના વિષે તું મને આવતીકાલે (આખેરતમાં) પૂછપરછ કરવાનો છો

وَاسْتَفْرِغْ اَيَّامِيْ فِيْمَا خَلَقْتَنِيْ لَهُ،

અને મારા દિવસોને તુ એ (કાર્યો)માં પસાર કર કે જેના માટે તે મને પેદા કર્યો છે

وَاَغْنِنِيْ وَاَوْسِعْ عَلَيَّ فِيْ رِزْقِكَ،

અને મને (લોકોની મોહતાજીથી) બેનિયાઝ (ગની) કરી દે અને તારી રોઝીમાં મારા માટે વિશાળતા અતા કરી દે

وَلَا تَفْتِنِّيْ بِالنَّظَرِ،

પરંતુ મોહલત આપીને તું મારૂં ઇમ્તેહાન ન લઇશ

وَاَعِزَّنِيْ،

અને મને ઇઝઝત અતા કર

وَلَا تَبْتَلِيَنِّيْ بِالْكِبْرِ،

પરંતુ (તેના કારણે) કિબ્ર અને મોટપમાં અને મુબ્તેલા ન થઇ જવા દઇશ

وَعَبِّدْنِيْ لَكَ

અને મને તારો ઇબાદતગુઝાર બંદો બનાવી દે

وَلَا تُفْسِدْ عِبَادَتِيْ بِالْعُجْبِ،

પરંતુ એવું ન થાય કે ખુદપસંદીને કારણે મારી ઇબાદત ખરાબ થઇ જાય

وَاَجْرِ لِلنَّاسِ عَلٰى يَدَيَّ الْخَيْرَ،

અને મારા હાથે લોકો માટે ભલાઇને જારી કરી દે

وَلَا تَمْحَقْهُ بِالْمَنِّ،

પરંતુ નાબૂદ ન થવા દઇશ તે (ભલાઇ)ને (લોકો ઉપર) એહસાન જતાવીને (આભાર કરીને)

وَهَبْ لِيْ مَعَالِيَ الْأَخْلَاقِ،

અને અતા કરી દે મને સર્વોત્તમ અખ્લાક

وَاعْصِمْنِيْ مِنَ الْفَخْرِ.

પરંતુ રોકી લે મને (સારા અખ્લાક ઉપર) ફખ્ર અને ઘમંડ કરવાથી

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَاٰلِهٖ،

અય અલ્લાહ! સલવાત મોકલ હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર

وَلَا تَرْفَعْنِيْ فِي النَّاسِ دَرَجَةً

અને બુલંદ ન કરીશ લોકોમાં મારા દરજ્જાને,

اِلَّا حَطَطْتَنِيْ عِنْدَ نَفْسِيْ مِثْلَهَا،

સિવાય કે મારી પોતાની નજરમાં મને એટલા જ પ્રમાણમાં નીચો પણ પાડી દેજે

وَلَا تُحْدِثْ لِيْ عِزًّا ظَاهِرًا

અને બનવા ન દઇશ તું મારા માટે જાહેરી ઇઝઝત

اِلَّا اَحْدَثْتَ لِيْ ذِلَّةً بَاطِنَةً عِنْدَ نَفْسِيْ بِقَدَرِهَا.

સિવાય કે મારી પોતાની નજરમાં તું એટલા જ પ્રમાણમાં મારા માટે બાતેની ઝીલ્લત (કમતરીના એહસાસ)ને પણ પેદા કરી દેજે

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِ مُحَمَّدٍ،

અય અલ્લાહ ! સલવાત મોકલ હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર

وَمَتِّعْنِيْ بِهُدًى صَالِحٍ لَّآ اَسْتَبْدِلُ بِهِ،

અને મને એવી (નેક) હિદાયતથી ફાયદો પહોંચાડ, કે તેને હું બીજી કોઇ ચીજથી બદલવા ન ચાહુ

وَطَرِيقَةِ حَقٍّ لَا أَزِيغُ عَنْهَا،

અને એવા હક માર્ગ ઉપર લગાડ, કે જેનાથી હું વિમુખ ન થાઉં (તે રસ્તાથી ન હટું)

وَنِيَّةِ رُشْدٍ لَا أَشُكُّ فِيهَا

અને (અતા કર મને) એવી પુખ્ત નિય્યત, કે જેમાં હું કદી શંકા ન કરૂં

وَعَمِّرْنِي مَا كَانَ عُمُرِي بِذْلَةً فِي طَاعَتِكَ،

અને જયાં સુધી મારૂં જીવન તારી ઇતાઅતમાં ગુઝરે, તું મને જીવતો રાખ

فَاِذَا كَانَ عُمُرِي مَرْتَعاً لِلشَّيْطَانِ

પણ અગર જો મારી જિંદગી શયતાન માટે ચરવાની જગ્યા બની જાય

فَاقْبِضْنِي اِلَيْكَ قَبْلَ اَنْ يَسْبِقَ مَقْتُكَ اِلَيَّ،

તો પછી મારી રૂહને કબ્ઝ કરી લેજ, એ પહેલા કે તારી નારાઝગી અને અણગમો મારી તરફ આગળ વધી જાય

اَوْ يَسْتَحْكِمَ غَضَبُكَ عَلَيَّ

અથવા તો તારો પ્રકોપ (ક્રોધ) મારા માટે નિર્ણિત (ચોક્કસ) થઇ જાય

اَللّٰهُمَّ لَا تَدَعْ خَصْلَةً تُعَابُ مِنِّيْ اِلَّا اَصْلَحْتَهَا،

અય અલ્લાહ ! તું (મારી) એવી કોઇપણ આદત (ખાસિયત)ને સુધાર્યા (ઇસ્લાહ) વિનાની બાકી ન રહેવા દઇશ, કે જેના કારણે મારી ઉપર ઐબ લગાવી શકાય

وَلَا عَآئِبَةً اُؤَنَّبُ بِهَا اِلَّا حَسَّنْتَهَا،

અને ન (રહેવા દઇશ) કોઇ એવી ખામીને બહેતર બનાવ્યા વિના, જેના કારણે મારી ઉપર આક્ષેપ કરી શકાય

وَلَآ اُكْرُوْمَةً فِيَّ نَاقِصَةً اِلَّا اَتْمَمْتَهَا.

અને ન (રહેવા દઇશ) મારા કોઇ એવા ઉમદા કાર્યને પૂર્ણતમ બનાવ્યા વિના, જેમાં ઉણપ કે અધૂરાશ હોય

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِ مُحَمَّدٍ

અય અલ્લાહ ! સલવાત મોકલ હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર

وَاَبْدِلْنِيْ مِنْ بِغْضَةِ اَهْلِ الشَّنَاٰنِ الْمَحَبَّةَ

અને બદલી નાખ મારા માટે કીનાવાળા (દુશ્મનો)ની નફરતને મોહબ્બતમાં

وَمِنْ حَسَدِ اَهْلِ الْبَغْيِ الْمَوَدَّةَ،

અને બદલી નાખ હદથી આગળ વધી જનારાઓની ઇર્ષાને દોસ્તીમાં

وَمِنْ ظِنَّةِ اَهْلِ الصَّلاحِ الثِّقَةَ،

અને બદલી નાખ નેક લોકોના ગુમાનને ખાતરીમાં

وَمِنْ عَدَاوَةِ الْاَدْنَيْنَ الْوِلَايَةَ،

અને બદલી નાખ હલ્કા લોકોની દુશ્મનીને દોસ્તીમાં

وَمِنْ عُقُوْقِ ذَوِي الْاَرْحَامِ الْمَبَرَّةَ،

અને બદલી નાખ સગા-સંબંધીઓના અપમાનને ભલાઇમાં

وَمِنْ خِذْلَانِ الْاَقْرَبِيْنَ النُّصْرَةَ،

અને બદલી નાખ તું નજદીકના લોકોની મદદથી દૂરીને તેમના સહાય કરવા થકી

وَمِنْ حُبِّ الْمُدَارِيْنَ تَصْحِيْحَ الْمِقَةِ،

અને બદલી નાખ ખુશામત કરનારાઓની (જૂઠી/જાહેરી) મોહબ્બતને સહી (યોગ્ય) મોહબ્બતમાં

وَمِنْ رَدِّ الْمُلَابِسِيْنَ كَرَمَ الْعِشْرَةِ،

અને બદલી નાખ સાથીઓના છોડી દેવાને માનવંત સંગાથમાં

وَمِنْ مَرارَةِ خَوْفِ الظّالِمِيْنَ حَلاوَةَ

الْاَمَنَةِ.

અને બદલી નાખ ઝાલિમોના ખૌફની કડવાશને

અમ્ન અને સલામતીની મીઠાશમાં

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَاٰلِهِ

અય અલ્લાહ ! સલવાત મોકલ હઝરત

મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર

وَاجْعَلْ لِيْ يَداً عَلٰى مَنْ ظَلَمَنِيْ

અને જે મારી ઉપર ઝુલ્મ કરે તેની સામે મારા માટે હાથ (મદદ અને તાકત) અતા કર

وَلِسَاناً عَلَىٰ مَنْ خَاصَمَنِي

અને જે મારી સાથે વાદવિવાદ (બહેસ) કરે, તેની સામે મને ઝબાન આપ

وَظَفَراً بِمَنْ عَانَدَنِي

અને જે મારો પ્રતિકાર/વિરોધ કરે, તેની સામે મને કામિયાબી આપ

وَهَبْ لِيْ مَكْراً عَلٰى مَنْ كَايَدَنِيْ

અને જે મારી સાથે કાવાદાવા (દાવપેચ) કરે, તેની સામે મને યુક્તિ અને આયોજન અતા કર

وَقُدْرَةً عَلٰى مَنِ اضْطَهَدَنِيْ

અને જે મારી ઉપર અત્યાચાર (બળજબરી) કરે, તેની ઉપર મને કાબુ અને વર્ચસ્વ આપ

وَتَكْذِيْباً لِمَنْ قَصَبَنِيْ

અને જે મને વખોડે તેને ગલત સાબિત કરવાની (શક્તિ) આપ

وَسَلاٰمَةً مِمَّنْ تَوَعَّدَنِيْ

અને જે મને ડરાવે તેની સામે મને સલામતી આપ

وَوَفِّقْنِيْ لِطَاعَةِ مَنْ سَدَّدَنِيْ

અને જે મને સાચો માર્ગ દેખાડે, તેની ઇતાઅત કરવાની મને તૌફીક અતા કર

وَمُتَابَعَةِ مَنْ اَرْشَدَنِيْ

અને જે મને સહી માર્ગદર્શન આપે, તેના નકશેકદમ ઉપર ચાલવામાં મારી મદદ કર

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِهِ،

અય અલ્લાહ ! સલવાત મોકલ હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર

وَسَدِّدْنِي لِأَنْ اُعَارِضَ مَنْ غَشَّنِيْ بِالنُّصْحِ،

અને મને સાચો માર્ગ દેખાડ કે તેથી જે મને ગેરમાર્ગે લઇ જતો હોય તેનો હું નસીહત વડે સામનો કરૂં

وَاَجْـزِيَ مَنْ هَجَرَنِيْ بِالْبِرِّ

અને જે મારાથી જુદા થઇ જાય, તેને હું નેકી વડે બદલો આપુ

وَاُثِيْبَ مَنْ حَرَمَنِيْ بِالْبَذْلِ

અને જે મને મહેરૂમ રાખે, તેને હું ઉદારતાથી અતા કરૂં

وَاُكَافِيَ مَنْ قَطَعَنِيْ بِالصِّلَةِ

અને જે મારી સાથે સંબંધ કાપી નાખે, તેને હું સંબંધ જાળવીને બદલો આપું

وَاُخَالِفَ مَنِ اغْتَابَنِيْ اِلٰى حُسْنِ الذِّكْرِ ،

અને જે મારી ગેરહાજરીમાં (મારી) ખરાબ વાત કરે, તેનો હું સારી વાત વડે સામનો કરૂં

وَاَنْ اَشْكُرَ الْحَسَنَةَ

અને એ કે હું (તેની) ભલાઇનો આભાર માનું

وَاُغْضِيَ عَنِ السَّيِّئَةِ.

અને હું (તેની) બુરાઇઓથી નજર હટાવી લઉ (તેની બુરાઇઓને છુપાવી દઉ)

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِهٖ

અય અલ્લાહ ! સલવાત મોકલ હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર

وَحَلِّنِيْ بِحِلْيَةِ الصَّالِحِيْنَ،

અને શણગારી દે મને નેક લોકોના જવાહેરાતથી

وَاَلْبِسْنِيْ زِيْنَةَ الْمُتَّقِيْنَ

અને અતા કરી દે મને પરહેઝગારોનો શણગાર

فِيْ بَسْطِ الْعَدْلِ

(શણગારી દે મને એ રીતે કે હું) ન્યાયને ફેલાવું

وَكَظْمِ الْغَيْظِ

અને ગુસ્સાને પી જાઉં

وَاِطْفَآءِ النَّآئِرَةِ

અને નફરતની આગને બુઝાવું

وَضَمِّ اَهْلِ الْفُرْقَةِ

અને જુદા થઇ ગયેલા લોકોને એકજૂથ કરૂં

وَاِصْلاحِ ذَاتِ الْبَيْنِ

અને પરસ્પર મતભેદ/વિરોધાભાસને દૂર કરૂં

وَاِفْشَآءِ الْعَارِفَةِ،

અને સારા કાર્યો (નેકીઓ)નો ફેલાવો કરૂં

وَسِتْرِ الْعَآئِبَةِ،

અને ઐબોને છુપાવું

وَلِيْنِ الْعَرِيْكَةِ،

અને સ્વભાવને નરમ બનાવું

وَخَفْضِ الْجَنَاحِ،

અને ખભાને ઝુકાવી દઉ (નમ્રતા ધારણ કરૂં)

وَحُسْنِ السِّيْرَةِ،

અને જીવનશૈલીને સુંદર બનાવું

وَسُكُوْنِ الرِّيْحِ،

અને માહોલને શાંત અને સ્થિર બનાવું

وَطِيْبِ الْمُخَالَقَةِ،

અને અખ્લાકને પાકીઝા બનાવું

وَالسَّبْقِ اِلَى الْفَضِيْلَةِ،

અને ફઝીલત (શ્રેષ્ઠતા) તરફ આગળ વધું

وَاِيْثَارِ التَّفَضُّلِ

અને જરૂરત છતા આપી દેવાને પ્રાથમિકતા આપું

وَتَرْكِ التَّعْيِيْرِ،

અને (લોકોને) ઉતારી પાડવાનું છોડી દઉં

وَالإِفْضَالِ عَلٰى غَيْرِ الْمُسْتَحِقِّ

અને ગૈર મુસ્તહક ઉપર ન્યોછાવર કરવાનું છોડી દઉં

وَالْقَوْلِ بِالْحَقِّ وَاِنْ عَزَّ

અને સાચી (હક) વાત કહું, ભલેને પછી તે ઇજા પહોંચાડે

وَاسْتِقْلاَلِ الْخَيْرِ وَاِنْ كَثُرَ مِنْ قَوْلِيْ وَفِعْلِيْ ،

અને મારી વાતમાં અને મારા કાર્યમાં ખૈર (ભલાઇ)ને ઓછી સમજું, ભલેને પછી તે વધારે હોય

وَأَكْمِلْ ذٰلِكَ لِيْ

અને મારા માટે તે (તમામ ખૂબીઓ)ને પરીપૂર્ણ કરી દે

بِدَوَامِ الطَّاعَةِ

નિરંતર ઇતાઅત વડે

وَلُزُومِ الْجَمَاعَةِ

અને જમાઅતમાં શામેલ રહીને

وَرَفْضِ اَهْلِ الْبِدَعِ

અને બીદઅતી લોકો (દીનમાં નવી પ્રથા દાખલ કરનાર લોકો)થી છુટા પડીને

وَمُسْتَعْمِلِ الرَّأْيِ الْمُخْتَرَعِ.

અને શોધી કઢાયેલા રીતિ-રિવાજો ઉપર અમલ કરનારા લોકોથી અલગ રહીને

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِهٖ

અય અલ્લાહ ! સલવાત મોકલ હઝરત

મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર

وَاجْعَلْ اَوْسَعَ رِزْقِكَ عَلَيَّ اِذَا كَبِرْتُ ،

અને જયારે હું વૃધ્ધ થઇ જાવ, તો મારા માટે

તારી સૌથી વિશાળ રોઝીને મુકર્રર કરી આપજે

وَاَقْوٰى قُوَّتِكَ فِيَّ اِذَا نَصِبْتُ ،

અને જયારે હું થાકી (ને કમજોર અને બીમાર થઇ) જાવ, તો મને તારી કુવ્વતથી તાકતવર બનાવજે

وَلَا تَبْتَلِيَنِّي بِالْكَسَلِ عَنْ عِبَادَتِكَ

અને તું મને તારી ઇબાદત બાબતે આળસમાં સપડાવા ન દઇશ

وَلَا الْعَمَىٰ عَنْ سَبِيلِكَ

અને મને તારા માર્ગ પ્રત્યે અંધાપામાં મુબ્તેલા ન થવા દઇશ

وَلَا بِالتَّعَرُّضِ لِخِلَافِ مَحَبَّتِكَ ،

અને ન તો તારી મોહબ્બત વિરૂધ્ધના વ્યવહાર-વર્તણૂંકમાં સપડાઇ જવા દઇશ

وَلَا مُجَامَعَةِ مَنْ تَفَرَّقَ عَنْكَ ،

અને ફસાઇ જવા ન દેતો તું મને તારાથી વિખુટા પડી ગયેલા લોકોના સહવાસ (સંગાથ)માં

وَلَا مُفَارَقَةِ مَنِ اجْتَمَعَ اِلَيْكَ

અને મુબ્તેલા ન કરી દઇશ તું મને તારો
સંગાથ પામેલા લોકોની જુદાઇમાં

اَللّٰهُمَّ اجْعَلْنِيْ اَصُوْلُ بِكَ عِنْدَ الضَّرُوْرَةِ

અય અલ્લાહ ! તું મને એવો બનાવી દે કે હું
જરૂરતના સમયે તારી જ તરફ આગળ વધુ

وَاَسْئَلُكَ عِنْدَ الْحَاجَةِ،

અને હાજત સમયે હું તારી જ પાસે માંગણી કરૂં

وَاَتَضَرَّعُ اِلَيْكَ عِنْدَ الْمَسْكَنَةِ ،

અને મસ્કીનીના સમયે તારી જ પાસે આજીજી અને કાલાવાલા કરૂં

وَلَا تَفْتِنِّي بِالْاِسْتِعَانَةِ بِغَيْرِكَ اِذَا اضْطُرِرْتُ،

અને તું મારી એ રીતે આજમાઇશ ન કરતો કે જયારે હું વ્યથિત (બેચેન) થઇ જાવ, તો તારી સિવાય બીજા કોઇની મદદ મેળવવા માટે લલચાઇ જાઉં

وَلَا بِالْخُضُوعِ لِسُؤَالِ غَيْرِكَ اِذَا افْتَقَرْتُ ،

અને એવું ન થાય કે જયારે હું ફકીર થઇ જાવ, તો તારી સિવાય બીજા કોઇની પણ સામે નમ્રતાથી માંગણી કરવા મંડી પડું

وَلَا بِالتَّضَرُّعِ اِلٰى مَنْ دُوْنَكَ اِذَا رَهِبْتُ

અને એવું પણ ન થાય કે જયારે હું ભયભીત થઇ જાવ, તો તારી સિવાય બીજા કોઇની પાસે રોકકળ કરવા લાગુ

فَاَسْتَحِقَّ بِذٰلِكَ خِذْلَانَكَ

કારણ કે નહિંતર હું એમ કરીને હકદાર થઇ જઇશ એ માટે કે તું મને નિ:સહાય પડતો મૂકી દે

وَمَنْعَكَ وَاِعْرَاضَكَ

અને હકદાર થઇ જઇશ એ માટે કે તું મને મદદનો ઇન્કાર કરી દે અને તું મારાથી મોઢું ફેરવી લે

يَا اَرْحَمَ الرّٰاحِمِيْنَ

અય દયા કરનારાઓમાં સૌથી વધારે દયાળું

اَللّٰهُمَّ اجْعَلْ مَا يُلْقِي الشَّيْطَانُ فِيْ رُوْعِيْ مِنَ التَّمَنِّيْ وَالتَّظَنِّيْ وَالْحَسَدِ

અય અલ્લાહ ! જો શયતાન મારા દિલમાં કાંઇ ઇચ્છા અને ગુમાન અને ઇર્ષાને ફેંકે, તો તું તેને બનાવી દે

ذِكْراً لِعَظَمَتِكَ،

તારી અઝમત (ભવ્યતા અને મોટાઇ)ની યાદ

وَتَفَكُّراً فِيْ قُدْرَتِكَ،

અને તારી કુદરતમાં ચિંતન-મનન

وَتَدْبِيْراً عَلٰى عَدُوِّكَ،

અને તારા દુશ્મનની સામે યોજના

وَمَا اَجْرىٰ عَلىٰ لِسَانِيْ مِنْ لَفْظَةِ فُحْشٍ اَوْ

هُجْرٍ

અને જયારે શયતાન કાંઇ જારી કરાવવા ચાહે મારી ઝબાન ઉપર અશિષ્ટ કે બીભત્સ શબ્દો

اَوْ شَتْمِ عِرْضٍ

અથવા અપમાનીત કરનાર બોલ

اَوْ شَهَادَةِ بَاطِلٍ

અથવા જૂઠી ગવાહી

اَوِ اغْتِيَابِ مُؤْمِنٍ غَآئِبٍ

અથવા ગેરહાજર મોઅમીનની ગીબત

اَوْ سَبِّ حَاضِرٍ ،

અથવા હાજર રહેલાનું અપમાન

وَمَآ اَشْبَهَ ذٰلِكَ نُطْقاً بِالْحَمْدِ لَكَ

અને તેના જેવું કાંઇ પણ (તો તું બદલી નાખજે તે) વાણીને તારા વખાણમાં

وَاِغْرَاقاً فِي الثَّنَآءِ عَلَيْكَ،

અને અતિશયોકિતને તારા ગુણગાનમાં

وَذَهَاباً فِيْ تَمْجِيْدِكَ

અને (શબ્દોનું) બહાર નીકળવું તારી મહિમા (પ્રશંસા)માં

وَشُكْراً لِنِعْمَتِكَ

અને તારી નેઅમતના શુક્રિયામાં

وَاعْتِرَافاً بِاِحْسَانِكَ

અને તારા એહસાન અને ઉપકારની કબૂલાતમાં

وَاِحْصَآءً لِمِنَنِكَ

અને તારી કૃપાની ગણનામાં

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَاٰلِهٖ

અય અલ્લાહ ! સલવાત મોકલ હઝરત
મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર

وَلَا اُظْلَمَنَّ وَاَنْتَ مُطِيْقٌ لِلدَّفْعِ عَنِّيْ،

અને કોઇ મારી ઉપર ઝુલ્મ કરવા ન પામે, કે
તેને મારાથી દફેઅ કરવા તું કાબુ ધરાવો છો

وَلَا اَظْلِمَنَّ وَاَنْتَ الْقَادِرُ عَلَى الْقَبْضِ
مِنِّيْ،

અને હું પણ કોઇ ઉપર ઝુલ્મ ન કરૂં, કે તું શક્તિમાન છો મને રોકી લેવા ઉપર

وَلَآ اَضِلَّنَّ وَقَدْ اَمْكَنَتْكَ هِدَايَتِيْ،

અને હું ગુમરાહ થવા ન પામું, કે ચોકકસપણે તું મને હિદાયત કરવાની શક્તિ રાખો છો

وَلَآ اَفْتَقِرَنَّ وَمِنْ عِنْدِكَ وُسْعِيْ،

અને હું ફકીર (ગરીબ) ન થવા પામું, કે તારી પાસે મારી (રોઝીની) વિશાળતા રહેલી છે

وَلَا اَطْغَيَنَّ وَمِنْ عِنْدِكَ وُجْدِيْ،

અને હું માથાભારે (બળવાખોર) ન થઇ જાવ, કે મારી પાસે (જે કાંઇ) છે તે તારા તરફથી છે

اَللّٰهُمَّ اِلٰى مَغْفِرَتِكَ وَفَدْتُ،

અય અલ્લાહ ! હું તારી માફી તરફ આવી પહોંચ્યો છું

وَاِلٰى عَفْوِكَ قَصَدْتُ،

અને તારી ક્ષમાને શોધી રહયો છું

وَاِلٰى تَجَاوُزِكَ اشْتَقْتُ ،

અને તારા દરગુઝરની અપેક્ષા રાખું છું

وَبِفَضْلِكَ وَثِقْتُ ،

અને તારા ફઝલ ઉપર ભરોસો રાખું છું

وَلَيْسَ عِنْدِيْ مَا يُوْجِبُ لِيْ مَغْفِرَتَكَ ،

જયારે કે મારી પાસે એવું કાંઇ નથી જે તારી માફીને મારા માટે વાજિબ કરી દે

وَلَا فِيْ عَمَلِيْ مَا اَسْتَحِقُّ بِهِ عَفْوَكَ،

અને ન તો કોઇ મારો એવો અમલ છે, જેના વડે હું તારી ક્ષમાનો હકદાર થઇ શકું

وَمَا لِيْ بَعْدَ اَنْ حَكَمْتُ عَلٰى نَفْسِيْ اِلَّا فَضْلُكَ،

અને હવે જયારે મેં મારા નફસ બાબતે ચુકાદો આપી જ દીધો છે, તો એ પછી (હવે) મારી

પાસે તારા ફઝલ સિવાય બીજો કોઇ સહારો નથી

فَصَلِّ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِهٖ

માટે, સલવાત મોકલ હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર

وَتَفَضَّلْ عَلَيَّ

અને તું મારી ઉપર ફઝલ (મહેરબાની) કરી દે

اَللّٰهُمَّ وَاَنْطِقْنِيْ بِالْهُدٰى،

અય અલ્લાહ ! તું એવું કરી દે કે હું વાત કરૂં,

તો હિદાયતની સાથે

وَاَلْهِمْنِي التَّقْوٰى

અને તું મને તકવા ઇખ્તીયાર કરવાની પ્રેરણા

આપ

وَوَفِّقْنِيْ لِلَّتِيْ هِيَ اَزْكٰى

અને તું મને તૌફીક આપ એ કામની કે જે સૌથી

વધારે પાક હોય

وَاسْتَعْمِلْنِيْ بِمَا هُوَ اَرْضٰى

અને તું મને એ કામમાં લગાડી દે, કે જેનાથી હું તને સૌથી વધારે રાજી કરી શકું

اَللّٰهُمَّ اسْلُكْ بِيَ الطَّرِيْقَةَ الْمُثْلٰى،

અય અલ્લાહ ! હું તારી પાસે માંગણી કરૂં છું સૌથી દ્રષ્ટાંતરૂપ (આદર્શ) પંથની

وَاجْعَلْنِيْ عَلٰى مِلَّتِكَ اَمُوْتُ وَاَحْيٰى

અને તું નિયુક્ત કરી મને દે તારા મઝહબ ઉપર, કે તેની જ ઉપર હું મરૂં અને તેની જ ઉપર હું જીવતો રહું

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِهٖ

અય અલ્લાહ ! સલવાત મોકલ હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર

وَمَتِّعْنِيْ بِالْاِقْتِصَادِ،

અને મને મધ્યમમાર્ગ (પ્રમાણસર ખર્ચ)નો આનંદ આપ

وَاجْعَلْنِيْ مِنْ اَهْلِ السَّدَادِ،

અને બનાવી દે મને રાહે રાસ્ત ઉપર હોય એવા લોકોમાંથી

وَمِنْ اَدِلَّةِ الرَّشَادِ،

અને હિદાયતની દલીલમાંથી

وَمِنْ صَالِحِي الْعِبَادِ،

અને નેક બંદાઓમાંથી

وَارْزُقْنِيْ فَوْزَ الْمَعَادِ، وَسَلَامَةَ الْمِرْصَادِ

અને રિઝક આપ મને ‘કયામતના દિવસ’ની સફળતાનું અને ‘મીરસાદ’ (આગ)થી સલામતીનું

اَللّٰهُمَّ خُذْ لِنَفْسِكَ مِنْ نَفْسِيْ مَا يُخَلِّصُهَا،

અય અલ્લાહ ! લઇ લે તું તારી પાસે મારા નફસમાંથી તે, જે તેને ખાલિસ (શુધ્ધ) કરી દે

وَاَبْقِ لِنَفْسِيْ مِنْ نَفْسِيْ مَا يُصْلِحُهَا

અને મારા નફસમાં તે બાકી રહેવા દે, જે તેને સહી (યોગ્ય) કરી દે

فَاِنَّ نَفْسِيْ هَالِكَةٌ اَوْ تَعْصِمَهَا

કારણ કે બેશક મારો નફસ તો હલાક થઇ જનાર જ છે, સિવાય એ કે તુ તેને બચાવી લે

اَللّٰهُمَّ اَنْتَ عُدَّتِيْ اِنْ حَزِنْتُ،

અય અલ્લાહ ! જયારે હું ગમગીન હોવ છું, તો તું જ મારો સહારો હોય છે

وَاَنْتَ مُنْتَجَعِيٓ اِنْ حُرِمْتُ،

અને જયારે હું મહેરૂમ થઇ જાવ છું, તો તું જ મારી ઓથ (શરણ અને આશરો) હોય છે.

وَبِكَ اسْتِغَاثَتِيٓ اِنْ كَرِثْتُ،

અને જયારે હું પરેશાન હોવ છું, તો મારી મદદની પોકાર તારી પાસે હોય છે

وَعِنْدَكَ مِمَّا فَاتَ خَلَفٌ،

અને જે કાંઇ જતુ રહયું છે તેની અવેજી/વિકલ્પ તારી પાસે છે

وَلِمَا فَسَدَ صَلَاحٌ

અને જે કાંઇ બગડી ગયુ છે તેની સુધારણા અને ઇસ્લાહ તારી પાસે છે

وَفِيمَا أَنْكَرْتَ تَغْيِيرٌ

અને જેમાં તે મનાઇ કરી છે, તેનો વિકલ્પ (બદલો) તારી પાસે છે.

فَامْنُنْ عَلَيَّ قَبْلَ الْبَلَاۤءِ بِالْعافِيَةِ،

માટે તું ઉપકાર કરી દે મારી ઉપર આફેયત (સલામતી) વડે બલાના (આવી પહોંચવા) પહેલા

وَقَبْلَ الطَّلَبِ بِالْجِدَةِ،

અને (ઉપકાર કરી દે) તવંગરી વડે માંગણી કરૂં એ પહેલા

وَقَبْلَ الضَّلاَلِ بِالرَّشَادِ،

અને (ઉપકાર કરી દે) હિદાયત વડે ગુમરાહ થઇ જાવ એ પહેલા

وَاكْفِنِي مَؤُونَةَ مَعَرَّةِ الْعِبَادِ،

અને કાફી થઇ જા તુ મારા માટે બંદાઓના અપમાન (મેણા-ટોણા)ના બોજ સામે

وَهَبْ لِيْ اَمْنَ يَوْمِ الْمَعَادِ،

અને મને કયામતના દિવસની સલામતી

(સુરક્ષા) અતા કર

وَامْنِحْنِيْ حُسْنَ الْاِرْشَادِ

અને અતા કર મને સર્વોત્તમ હિદાયત

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَاٰلِهِ

અય અલ્લાહ ! સલવાત મોકલ હઝરત

મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર

وَادْرَأْ عَنِّيْ بِلُطْفِكَ،

અને તારા લુત્ફ વડે દૂર કરી દે મારાથી (બુરાઇઓને)

وَاغْذُنِي بِنِعْمَتِكَ،

અને પૂરૂં પાડી દે મને તારી નેઅમતો વડે

وَاَصْلِحْنِي بِكَرَمِكَ،

અને તારી ઉદારતા વડે મારી સુધારણા કરી દે

وَدَاوِنِي بِصُنْعِكَ،

અને ઇલાજ કર મારો તારા ઉપકાર વડે

وَاَظِلَّنِيْ فِيْ ذَرَاكَ،

અને તારા રક્ષણ હેઠળ મને છત્રછાયા આપી દે

وَجَلِّلْنِيْ رِضَاكَ،

અને તારી ખુશી(થી) મને ઢાંકી (આવરી) લે

وَوَفِّقْنِيْ اِذَا اشْتَكَلَتْ عَلَيَّ الْاُمُوْرُ

لِاَهْدَاهَا،

અને જયારે કાર્યો મારા માટે શંકાસ્પદ થઇ જાય, તો શ્રેષ્ઠ કાર્ય (તરફ આગળ વધવાના) માર્ગદર્શન બાબતે મારી મદદ કર

وَاِذَا تَشَابَهَتِ الْاَعْمَالُ لِاَزْكَاهَا،

અને જયારે કાર્યો એકસમાન લાગતા હોય, તો (મને હિદાયત આપ કે હું એ) આમાલની (તરફ આગળ વધુ કે જે) સૌથી વધુ પાકીઝા હોય

وَاِذَا تَنَاقَضَتِ الْمِلَلُ لِاَرْضَاهَا

અને જયારે મઝહબી માર્ગ (અકીદા)માં વિરોધાભાસ (મતભેદ) થઇ જાય, તો (તારી) સૌથી વધારે ખુશી (તરફ આગળ વધવા) માટે (માર્ગદર્શન આપ)

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِهٖ

અય અલ્લાહ ! સલવાત મોકલ હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર

وَتَوِّجْنِيْ بِالْكِفَايَةِ،

અને પહેરાવી દે મને બેનિયાઝીનો તાજ

وَسُمْنِي حُسْنَ الْوِلَايَةِ،

અને નિયુક્ત કરી દે મારી ઉપર શ્રેષ્ઠ વિલાયત (વાલીપણું)

وَهَبْ لِي صِدْقَ الْهِدَايَةِ،

અને અતા કર મને સાચી હિદાયત

وَلَا تَفْتِنِّي بِالسَّعَةِ،

અને મને લલચાવીશ નહિં અધિકતા (વિપુલતા) વડે

وَامْنِحْنِي حُسْنَ الدَّعَةِ،

અને અતા કરી દે મને સર્વોત્તમ હળવાશ (નરમાશ)

وَلَا تَجْعَلْ عَيْشِي كَدّاً كَدّاً،

અને ન બનાવીશ મારી જિંદગીને મજૂરી-વેઠ

وَلَا تَرُدَّ دُعَآئِي عَلَيَّ رَدّاً

અને ઠુકરાવી ન દઇશ મારી દુઆને મારી તરફ પરત

فَاِنِّيْٓ لَآ اَجْعَلُ لَكَ ضِدّاً

કારણ કે બેશક મેં તારો કોઇ હરીફ નથી બનાવ્યો

وَلَآ اَدْعُوْ مَعَكَ نِدّاً

અને હું તારી સાથે (સમાંતર) બીજા કોઇને પુકારતો પણ નથી

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِهٖ

અય અલ્લાહ ! સલવાત મોકલ હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર

وَامْنَعْنِي مِنَ السَّرَفِ

અને રોકી લે મને ઇસરાફ (ખોટા ખર્ચા) કરવાથી

وَحَصِّنْ رِزْقِي مِنَ التَّلَفِ،

અને બચાવી લે મારી રોઝીને પાયમાલ થવાથી

وَوَفِّرْ مَلَكَتِيْ بِالْبَرَكَةِ فِيْهِ،

અને વધારી દે મારી પાસે છે તેને બરકત વડે

وَاَصِبْ بِيْ سَبِيْلَ الْهِدَايَةِ لِلْبِرِّ فِيْمَآ

اُنْفِقُ مِنْهُ

અને તેમાંથી હું જે કાંઇ ખર્ચ કરૂં છું તેમાં નેકી મારફત મને હિદાયતનો માર્ગ પ્રાપ્ત કરાવી આપ

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِهِ

અય અલ્લાહ ! સલવાત મોકલ હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર

وَاكْفِنِيْ مَؤُوْنَةَ الْاِكْتِسَابِ،

અને મુકત કરી દે મને કમાણીની યાતના અને પરેશાનીઓમાંથી

وَارْزُقْنِيْ مِنْ غَيْرِ احْتِسَابٍ،

અને મને વિના ગણતરી (બેહિસાબ) રોઝી આપી દે

فَلَآ اَشْتَغِلَ عَنْ عِبٰادَتِكَ بِالطَّلَبِ

કે જેથી હું તારી ઇબાદતને મૂકીને રોઝીની શોધમાં મશગૂલ ન થઇ જાવ

وَلَآ اَحْتَمِلَ اِصْرَ تَبِعٰاتِ الْمَكْسَبِ

અને ઉઠાવવો ન પડે મને કમાણીના પરીણામોનો બોજ

اَللّٰهُمَّ فَاَطْلِبْنِيْ بِقُدْرَتِكَ مٰا اَطْلُبُ ،

અય અલ્લાહ ! માટે જે કાંઇ હું શોધી રહયો છું
તે તું તારી કુદરત વડે મને આપી દે

وَاَجِرْنِيْ بِعِزَّتِكَ مِمَّآ اَرْهَبُ

અને તારી ઇઝઝતના વાસ્તાથી, જેનાથી પણ
હું ડરૂં છું તેનાથી મને સુરક્ષિત રાખ

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِهٖ

અય અલ્લાહ ! સલવાત મોકલ હઝરત
મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર

وَصُنْ وَجْهِيْ بِالْيَسَارِ،

અને બચાવી લે મારા ચહેરા (આબરૂ)ને સમૃધ્ધિ (સહૂલત) વડે

وَلَا تَبْتَذِلْ جَاهِيْ بِالْإِقْتَارِ

અને પસ્ત ન થવા દઇશ મારા સ્થાન (સ્ટેટસ)ને તંગી વડે

فَاَسْتَرْزِقَ اَهْلَ رِزْقِكَ،

કે જેના કારણે (એવું ન થાય કે) હું રોઝી માંગવા લાગુ તારી રોઝી મેળવનારાઓ પાસેથી

وَاَسْتَعْطِيَ شِرَارَ خَلْقِكَ،

અને જેના કારણે ભેટ-સોગાતની ચાહનાની કરૂં તારી બદતરીન મખ્લૂક પાસે

فَاَفْتَتِنَ بِحَمْدِ مَنْ اَعْطَانِيْ،

પછી લલચાઇ જાવ તેના વખાણ કરવા માટે કે જે મને આપે

وَابْتَلَى بِذَمِّ مَنْ مَنَعَنِيْ

અને ફસાઇ જાવ તેની ટીકા-નીંડા કરવામાં કે જે મને આપતા અટકી જાય

وَاَنْتَ مِنْ دُوْنِهِمْ وَلِيُّ الْإِعْطَاءِ وَالْمَنْعِ

જયારે કે આપવા અને રોકી લેવા માટે તું જ સર્વસત્તા ધરાવો છો, નહિં કે તેઓ

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِهٖ

અય અલ્લાહ ! સલવાત મોકલ હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર

وَارْزُقْنِي صِحَّةً فِي عِبَادَةٍ،

અને રીઝક અતા કર તું મને ઇબાદત સહી બનાવીને

وَفَرَاغاً فِي زَهَادَةٍ،

અને ઝોહદમાં ફરાગત (સંતોષ) આપીને

وَعِلْماً فِي اسْتِعْمَالٍ،

અને ઇલ્મ સાથેનો અમલ અતા કરીને

وَوَرَعاً فِيْ اِجْمَالٍ

અને રોઝી એકઠી કરવામાં પરહેઝગારી
આપીને

اَللّٰهُمَّ اخْتِمْ بِعَفْوِكَ اَجَلِيْ،

અય અલ્લાહ ! ખત્મ કર તું મારી જીવનમુદ્દતને
તારી માફીની સાથે

وَحَقِّقْ فِيْ رَجَآءِ رَحْمَتِكَ اَمَلِيْ،

અને તારી રહેમતની ઉમ્મીદ બાબતે મને જે આશા છે તેને ખરી ઠેરવી દે

وَسَهِّلْ اِلٰى بُلُوْغِ رِضٰاكَ سُبُلِيْ،

અને તારી ખુશનુદી તરફ પહોંચવા માટેના મારા માર્ગોને આસાન બનાવી દે

وَحَسِّنْ فِيْ جَمِيْعِ اَحْوَالِيْ عَمَلِيْ

અને દરેક સંજોગોમાં મારા કામને બહેતર બનાવી દે

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِهٖ

અય અલ્લાહ ! સલવાત મોકલ હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર

وَنَبِّهْنِيْ لِذِكْرِكَ فِيْ اَوْقَاتِ الْغَفْلَةِ،

અને ગફલતના સમયોમાં મને તારા ઝિક્ર માટે જગાડી દે

وَاسْتَعْمِلْنِيْ بِطَاعَتِكَ فِيْ اَيَّامِ الْمُهْلَةِ،

અને ફુરસત (મોહલત)ના દિવસોમાં તું મને તારી ઇતાઅતમાં લગાવી રાખ

وَانْهَجْ لِيْ اِلٰى مَحَبَّتِكَ سَبِيْلًا سَهْلَةً

અને રોશન કરી દે મારા માટે તારી મોહબ્બત સુધી (પહોંચવા)ના આસાન માર્ગને

اَكْمِلْ لِيْ بِهَا خَيْرَ الدُّنْيَا وَالْاٰخِرَةِ

પરીપૂર્ણ કરી દે મારા માટે તેના થકી દુનિયા અને આખેરતની ભલાઇને

اَللّٰهُمَّ وَصَلِّ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِهٖ

અય અલ્લાહ ! અને સલવાત મોકલ હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર

كَاَفْضَلِ مَا صَلَّيْتَ عَلٰٓى اَحَدٍ مِّنْ خَلْقِكَ قَبْلَهٗ،

એવી શ્રેષ્ઠ સલવાત કે જેને તુ હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર મોકલો છો

અને જેને તે અગાઉ તારી મખ્લૂકમાંથી કોઇ ઉપર પણ મોકલી ન હોય

وَاَنْتَ مُصَلٍّ عَلٰى اَحَدٍ بَعْدَهُ،

અને ન તો તું તેમના પછી પણ કોઇ ઉપર એવી સલવાત મોકલનાર છો

وَاٰتِنَا فِي الدُّنْيَا حَسَنَةً وَفِي الْاٰخِرَةِ حَسَنَةً ،

અને દુનિયામાં અમને ભલાઇ અતા કર અને આખેરતમાં (પણ) અમને ભલાઇ અતા કર.

وَقِنِي بِرَحْمَتِكَ عَذَابَ النَّارِ

અને મહેફૂઝ રાખ મને તારી રહેમત વડે આગ (જહન્નમ)ના અઝાબથી.